

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અમે ગરી ગયા છતાંય કોઈ નોંધ લેતા નથી!
ખંખેરે છે હાથ સ્વજનો પણ, નોંધ લેતા નથી!
ઉઠી ગયાં બેસણાં મળી ગઈ કાયદાની ઓથ -
વળતર બીકે, સર્ટીમાં પણ નોંધ લેતા નથી!
(ગળી ગયો કોરોના કરુણાને, સૂકાયા આંસુ)

**હાઈકુ**

ભૂલાયું નામ -
થઈ ગ્યા નામશેષ -
કોરોના કાળે...

ગયા કામથી -
મળ્યું ન મૌન પણ -
બે મિનિટનું...!!

(સ્વાર્થી સમાજે કાઢી લાજ ઢાંક્યું કફન)

### ચિંતન

વ્રજત્યધઃ પ્રયાત્યુચ્ચૈર્નઃ સ્વૈર્ભ કર્મભિઃ ।
અધઃ કૂપસ્ય ખનકઃ ઉર્ધ્વ પ્રાસાદક્ષરકઃ ॥

ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

માણસ પોતાનાં જ કાર્યોથી નીચી કે ઊંચી સ્થિતિને પામે છે. જેમ કે કૂવાને ખોદનારો માણસ નીચે જાય છે. જ્યારે મહેલને બનાવનારો કડિયો ઉપર રહે છે.

સારાં-પવિત્ર અને પુણ્ય કર્મો કરવાથી માણસ સજ્જન - અને પુણ્યશાળી પવિત્ર માણસ તરીકે માન-સન્માન ને પ્રાપ્ત કરે છે. જ્યારે લૂંટ-ફાટ ચોરી અને દુષ્કર્મોથી માનવી બદનામ થઈ અપમાનીત થાય છે.

અહીં ઉદાહરણ યથાર્થ નથી પણ શાબ્દિક રીતે સરળ સમજુતિ મળે છે.

### સુવિચાર

- વધતી સંપત્તિ સાથે એનું સુખ પણ વધતું હોય તો તે માલિક કહેવાય અને વધતી સંપત્તિ સાથે તેનું ટેન્શન પણ વધતું હોય તો એ મેનેજર કહેવાય - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ કેવો હોવો જોઈએ? એ જ્ઞાન આપતા શાસ્ત્રો ભરેલાં છે છતાં બહુજન વર્ગ છાપાંઓ વાંચવામાંથી ઊંચો નથી આવતો, કારણ કે માણસ કેવો છે, એની જાણકારી છાપાઓ સતત આપ્યે જ જાય છે - **જીવન પાથેય**
- જીવનમાં માત્ર કાંટાઓ જ દૂર કરીને બેસી રહેશો નહીં, ફુલો પણ મેળવજો...
  અને માત્ર ફુલો મેળવીને જ સંતોષ ન પામશો. તમે ખુદ પુષ્પરુપ પણ બનજો - **બોધિવૃક્ષ**
- નૈતિકતાના પ્રાણ વિનાની ધાર્મિકતા નિર્જીવ મડદું માત્ર
  બનીને ગીધોને ગમતી ગંધ પ્રસરાવી રહી છે - **સંત ઘરમદાસ**
- કોઠાસૂઝ વગરના શિક્ષણ કરતાં, શિક્ષણ વગરની કોઠાસૂઝ હજારગણી સારી - **ભીખુદાન ગઢવી**
- પરમાત્માને જે દિલ આપે છે, તેને પરમાત્મા દિલ દઈને જરૂર આપે છે - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : ખેતરમાંથી લાવેલું તાજું બટેકું બાફી તેની પોટીસ રાત્રે ખરજવા પર મૂકી પાટો બાંધી સવારે ધોઈ નાખવું આ પ્રયોગ ૬૦ દિવસ કરવાથી જૂનું ખરજવું મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શેઠ પાસે અઢળક ધન હતું પરંતુ મન શાંત ન હતું. એક સંત પાસે તેઓ ગયો. તેમણે સંતને કહ્યું. 'મહારાજ મારી પાસે બહુ પૈસા છે, પરંતુ મનની શાંતિ નથી.' સંતે કહ્યું, 'હું જેમ કરું તેને શાંતિથી ચૂપચાપ જોતા રહેજો. તેનાથી તમને શાંતિની ચાવી મળી જશે.' સંતે કહ્યું, 'બે દિવસ મારા આશ્રમ પર રહેવા આવો.' શેઠ આવ્યા. સંતે શેઠને આકરા તાપમાં બેસાડ્યા અને પોતે કુટિરમાં ચાલ્યા ગયા. શેઠ ગરમીથી અકળાઈ ગયા. પણ ચૂપચાપ સહન કરી લીધું. બીજા દિવસે શેઠને કંઈ જ ખાવા-પીવાનું ન આપ્યું પોતે જાતજાતના ફળ આરોગ્યા. શેઠે આ બધું જોયું પણ તેઓ ચૂપ રહ્યા. ત્રીજા દિવસે શેઠ ગુસ્સામાં ત્યાંથી જવા લાગ્યા ત્યારે સંતે પૂછ્યું, 'કેમ શું થયું ?' શેઠે જવાબ આપ્યો. 'મહારાજ, હું બહુ આશા રાખીને અહીં આવ્યો હતો. પરંતુ મને અહીં નિરાશા જ મળી.' સંતે કહ્યું, 'મેં તો તમને શાંતિની યુક્તિ બતાવી હતી. પહેલા દિવસે તમે તાપમાં બેસવા કહ્યું અને ખુદ કુટિરાં બેઠો તો એનો અર્થ એ હતો કે મારી છાયા તમને કામ નહીં લાગે. એ વાત તમે સમજી શક્યા નહીં. એટલે મેં ગઈકાલે તમને ભૂખ્યા રાખ્યા હતા અને મેં ખુદ ભરપેટ ખાધું. એનો ઈશારો એ હતો કે મારી સાધનાથી તમને સિદ્ધિ નહીં મળે. હું આપના મનને શાંત ન કરી શકું. તેના માટે તમે ખુદ મનની શાંતિ પ્રદાન કરનારા કામ કરી જુઓ.' શેઠને સંતની વાત સમજાઈ અને આશીર્વાદ લઈ મનની શાંતિ જાતે શોધવા નિર્ણય કર્યો.

# ત્રીજી લહેર પૂર્વે સજ્જ બનીએ...

**તંત્રીસ્થાનેથી...**

ભારતમાં કોરોના વાઈરસે મચાવેલી તબાહી હવે 'ટૉક ઓફ ધિ વર્લ્ડ' બની ચૂકી છે. આપણી દેશી પ્રજામાં એક કહેવત પ્રચલિત છે : પાપ છાપરે ચડીને પોકારે છે. એવી જરા જુદા સંદર્ભની કહેવતો પણ છે : ચંદ્ર છૂપે નહીં બાદલ છાયો... અર્થાત્ સત્ય તો કાચા પારાની જેમ ફૂટી નીકળ્યા વગર રહેતું જ નથી. વહીવટી તંત્રે શરૂથી જ કોરોના સંક્રમણના આંકડા ઓછા દર્શાવવાની નીતિ અપનાવી હતી. મૂળે એકડો જ ખોટો ઘૂંટાયો. તત્કાલીન અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર ગણતરી માંડીને લાખો લોકો સંક્રમિત થઈ શકે એમ છે એવું વિધાન કર્યું કે તરત એમને કોરોના સંક્રમિત જાહેર કરી રજા પર ઉતારી દેવાયા હતા. સંક્રમણના સાચા આંકડા બતાવવાથી પ્રજામાં 'પેનિક' ફેલાશે એવી વાહિયાત દલીલ અદાલત સમક્ષ પણ કરાઈ હતી ! સત્ય છૂપું રહી શકતું નથી. પછી એ યુધિષ્ઠિર દ્વારા છુપાવાયેલું હોય કે આપણા ચૂંટાયેલ જનનાયકો દ્વારા. 'અશ્વત્થામા હણાયો ?' એ સવાલનો જવાબ યુધિષ્ઠિરે મન મારીને હકારમાં આપવો પડ્યો હતો. કારણ કે એ સિવાય દ્રોણ મેદાન છોડે એમ ન હતા. પરંતુ એ અચંઈ હતી ; ધર્મરાજાએ ધીમે રહીને દ્રોણ સાંભળી ન જાય એમ પાદપૂર્તિ કરીને મન વાળી લીધું હતું : 'નરો વા કુંજરો વા!' - અશ્વત્થામા નામના હાથીને હણી નાખીને દ્રોણને આ ભ્રમણામાં ધકેલવાના કપટનું ફળ પાંડવોને ભોગવવું પડ્યું હતું. દ્રોણપુત્ર અશ્વત્થામાએ દ્રૌપદીના પાંચેય પુત્રોને ઊંઘતા જ વધેરી નાખ્યા હતા. એક રીતે આખા પાંડવ વંશનું જ નિકંદન નીકળી ગયું હતું. કોરોના સંક્રમણથી થયેલ મૃત્યુનો અન્ય કો-મોર્બિડિટીમાં ખપવી દેવાની મૃત્યુનું સત્ય છુપાવી શકાયું નથી. સ્મશાનો, કબ્રસ્તાનો અને ગંગા એનાં સાક્ષી બન્યા છે. 'ન્યૂયોર્ક ટાઈમ્સ' જેવા પ્રતિષ્ઠત અખબારે સીરો સરવે મારફત તજજ્ઞો સાથે ચર્ચા કરીને ભારતમાં થયેલ કોરોના મૃત્યુનો અંદાજ મૂક્યો છે તે કદાચ વાસ્તવિક ન હોય તો પણ વાસ્તવની નજીક તો છે જ... લાખો લોકો કોરોના સંક્રમણમાંથી મુક્ત થયા પછી પણ એની પશ્ચાત્ અસરોથી મોતને ભેટ્યા છે. ડેથ સર્ટિફિકેટમાં એ હાર્ટ એટેક, કિડની ફેઈલ્યોર કે ફેફસાં - નબળા પડી જવાથી અથવા મગજમાં લોહીના ગઠ્ઠા જામી જવાથી મરી ગયાં છે એવું જ લખાયું છે. ઘણા બધા દરદીઓનો કોરોના પ્રોટોકોલ સાથે અંતિમ સંસ્કાર કરાયો હોવા છતાં મૃત્યુના કારણ તરીકે ભળતું જ કારણ બતાવાયું છે. ન્યૂયોર્ક ટાઈમ્સને કે સીરો સરવે કરનારા તજજ્ઞોને ભારત સામે દુશ્મનાવટ નથી. એમણે જે તારણ કાઢ્યું છે એને ગામડાના છેવાડે રહેતો વેડવો દેવીપૂજક કે સફાઈ કામદાર એવી કોઠાસૂઝથી માન્ય કરે છે. અભણ પ્રજામાં પણ એટલી અક્કલ તો હોય છે. અમેરિકા સુરક્ષા પરિષદની બેઠકમાં ભાગ લેવા ગયેલા વિદેશમંત્રી મોદી સરકારની ઈમેજ બચાવવા વલખાં મારી રહ્યા છે. ભારતના સરકારી આયોગો પણ ડેમેજ કંટ્રોલમાં પડ્યા છે. પરંતુ જે કરુણાંતિકા પ્રજાએ નરી આંખે નિહાળી છે એ બની જ નહોતી - એવું તો કેવી રીતે મનાવી શકાશે? ઉત્તમ રસ્તો એ છે કે સરકાર ત્રીજી લહેરની સંભાવના સામે પાણી પહેલાં પાળ બાંધવાનો પુરુષાર્થ કરે. પ્રજા તો ડરી જ ગયેલી છે. એટલે સ્તો મફત મળનારી વેકસીન હજાર રુપિયા ખરચીને પણ વેળાસર મેળવી લેવા લોકો લાઈન લગાવી રહ્યા છે. હિંદીમાં એક કહેવત છે : બૂંદ સે ગઈ હોજ સે નહીં આતી. ઈજ્જતના ધજાગરા તો ઊડ્યા છે, પણ હોજને ચોખ્ખો કરતાં સરકારને કોણ રોકે છે?

# મ્યુકરમાયકોસીસ નવી વસ્તુ છે?

## મ્યુકરમાયકોસીસ કોને થઈ શકે ? કોરોના પછી નવું મ્યુકરમાયકોસીસ સિવાય શું થાય છે?



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

આજે શરુઆત ડાહ્યાલાલે કહી. ડાહ્યાલાલે કહ્યું કે, હાશ હવે કોરોનાના દરદીઓ ખૂબ જ ઓછા થઈ ગયા. હવે ભગવાનને પ્રાર્થના કરીએ કે ત્રીજું વેવ કોરોનાનો ન આવે. જો કે, અત્યારે તો લોકડાઉન છે એટલે કંઈ કહી ના શકાય. લોકડાઉન ખુલ્યા પછી કેટલો કોરોના પાછો આવે છે એ જોવાનું રહ્યું. પહેલા વેવ પછી થોડા દિવસ શાંતિ હતી. પણ, લગ્નો, ક્રિકેટ મેચ અને ઈલેકશન અને લોકો મનફાવે એમ ટોળામાં ફરતાં, તેને લીધે બીજો વેવ શરુ થઈ ગયો અને સારી એવી તબાહી મચાવી દીધી. હવે ફરીથી લોકો જો સાચવશે નહીં તો ત્રીજો વેવ આવવાની શક્યતા નકારી શકાય નહીં.

લોકો કહે છે કે, ત્રીજું વેવ - બાળકો માટે હશે. પણ બાળકોમાં ઈમ્યુનિટી - પાવર અથવા તો વાઈરસને સહન કરવાની તાકાત બાળકોમાં હોય છે. તેથી ખાસ કંઈ ખરાબી નહીં થાય. પાછું જો યુવાન અને વૃદ્ધો પર કોરોનાની અસર થશે તો વધારે પ્રાણઘાતક હશે.

'કોરોના ફરી થઈ શકે ?' એવું ગાંડાલાલે પૂછ્યું. ડાહ્યાલાલે કહ્યું, 'હું મારી શક્તિ પ્રમાણે વાત કરું છું, હું કંઈ ડૉકટર નથી. પણ હું ડૉકટરોને મળું છું અને ખુબ વાંચુ છું, એટલે કહું છું.' 'હાં' ગાંડાલાલ, કોરોના ફરી થઈ શકે, કોરોના એક વાઈરસ ઈન્ફેકશન છે. તે ગમે ત્યારે ગમે તેને થઈ શકે. પણ જો રસી લીધેલી હોય તો પણ કોરોના તો થાય. પણ જીવલેણ ન હોય એટલે કે કોરોનાના હિસાબે શરીરની અંદર જે ફેફસાંમાં અને બીજા અવયવો પર જે અસર થવાની હોય એ થતી નથી અથવા તો ઓછી થાય છે. જો રસી ન લીધી હોય તો તબિત વધારે ખરાબ થવાની શક્યતાઓ રહેલી છે. એટલે જેટલું બને એટલા વહેલા રસી લઈ લેવી જોઈએ. વધારે પ્રમાણમાં એટલે કે ૭૦% થી વધુ લોકોમાં રસીકરણ થઈ જશે તો ત્રીજા વેવમાંથી બચી શકીશું. પણ એવું થવાની શક્યતા કેટલી ?

ગાંડાલાલે ફરી પૂછ્યું, 'આ મ્યુકરમાયકોસીસ શું છે ?' ગાંડાલાલ તમે ભૂલી જાઓ છો. આપણે પહેલા વાત થયેલી એમ એ એક પ્રકારની ફુગ છે જે સફેદ, કાળી કે પીળા કલરની હોય છે. હવે ગાંડાલાલ તમે પુછો કે 'ફુગ કોને થાય?' સામાન્ય રીતે ફુગ ડાયાબિટીસ કે જેમના ઈમ્યુનિટી ઓછી હોય અથવા તો જયારે કોરોના થયા વખતે જે હોસ્પિટલમાં દાખલ હોય ત્યાં ચોખ્ખાઈનો અભાવ હોય ત્યાં ફુગ થવાની શક્યતા છે.

સામાન્ય રીતે આંખ, મોં અને દાંતની અંદર ફુગની અસર પહેલા દેખાય છે. કોઈ કિસ્સામાં આખા પગ ઉપર એની અસર થાય છે. કેટલાકમાં મગજ તો કેટલાંકમાં ફેફસાં પર ફુગની અસર થાય છે.

તો ગાંડાલાલ ફરી પૂછશો કે 'આમાં દવાઓ નથી.' - દવાઓ તો છે પણ એની અસર કેટલી એ હજુ કોઈને ખબર નથી. અને બીજો રસ્તો મોં, આંખ અથવા દાંતના ઓપરેશન કરી ફુગ કાઢવાનો અને જે જોખમી અને ખર્ચાય છે. જેમાં ૫૦% લોકોના મૃત્યુ થવાની સંભાવના છે.

ડાહ્યાલાલ બોલ્યા, ગાંડાભાઈ આ મ્યુકરમાયકોસીસ નવું નથી પણ હમણાં વધારે પ્રમાણમાં મ્યુકરમાયકોસીસ જોવા મળે છે. મ્યુકરમાયકોસીસની સાથે સાથે શરીરમાં સળો એટલે કે ગ્રેગરીનની અસર જોવા મળે છે. જેના લીધે શરીરના તે ભાગને કાપવો જ રહ્યો.

# બાબુભાઇ રાણપુરા : આપણું સદાકાળ ગૌરવ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

સુપ્રસિધ્ધ ફિલ્મ દિગ્દર્શક કેતન મહેતાની ફિલ્મ 'મિર્ચ મસાલા'ના અંતિમ દશ્યો જે બાબુભાઈ રાણપુરા પર ફિલ્માવવામાં આવ્યા છે

તે જલદી વિસરી શકાય તેવા નથી. જે વ્યક્તિ, સમાજ, નગર કે પ્રદેશ પોતાનું સત્વ ગુમાવે તો તેનો આઘાત કેટલાક મર્મી લોકો સહન કરી શકતા નથી. આવોજ એક મર્મી આવી સ્થિતિ પોતાનીજ નજર સામે પોતાના ગામમાં જૂએ છે. આથી તે હળવે પગલે તથા ભારે હૈયા સાથે પોતાનું વતન છોડે છે. હમેશ માટે કદાચ.... તેના શબ્દો જોતાં એવોજ ભાસ થાય છે.

મળશું મેળે ખેળે
મળશું ગામ ગિયા,
નહિ મળશું મિતરું
જે દી ધરતી ઢંક થિયાં.

ઉપરના દોહામાં કહેવાયેલી વાત સાચી છે. છતાં કેટલાયે મીઠાં તથા માર્મીક વાતોના કહેનારા માનવીઓ ધરતી ઢંક થયા પછી પણ સમાજની સતત સ્મૃતિમાં રહે છે. '' જીવતા લાખના અને મૂઆ સવાલાખના લ્હ્લ એવા આ માનવીઓની ચિર વિદાય અનેક ઘરોમાં ગમગીનીની છાયા પાથરે છે. કવિ શ્રી કાગે લખ્યું છે :

મીઠપ વાળા માનવી
જે દી જગત છોડી જાશે
તે દી કાગા એની કાણ
ઈ તો ઘરોઘર મંડાશે.

આવાજ એક અલ્લાના ફિરસ્તા જેવા એકરંગા અને ઉજળા બાબુભાઈ રાણપુરાને ગયે વર્ષોના વહાણાં વાયા હોવા છતાં તેમના શબ્દો આજે પણ અસંખ્ય લોકસાહિત્યના ભાવકોના દિલમાં ગૂંજ્યા કરે છે અને કોઈ અલૌકિક મસ્તીનો અનુભવ કરાવે છે. ૪ ફેબ્રુઆરી-૧૯૪૩ થી ૧૬ જુલાઈ-૨૦૧૪ સુધીના જીવનકાળમાં આ લોકકલાકારે તેમની વાણીના પાણી ભાવથી વહાવીને સૌને ભીંજવ્યા છે. જાણે કોઈ ગાંધર્વ ધરતી પર કુદરતના કોઈ ક્રમે ઉતરી આવ્યો હોય તેવું તેમનું વ્યક્તિત્વ હતું. કચ્છ-સૌરાષ્ટ્રના અનેક લોકસાહિત્ય પ્રેમીઓ પોતાને પ્રિય એવા બાબુભાઈ રાણપુરાની વાત કરતા અનેરા આનંદની લાગણી અનુભવે છે. ઉત્સાહ તથા મોજના ઘૂઘવતા સાગર જેવા બાબુભાઈએ કંઈ કેટલાયના મનમાં આનંદના દીવા પ્રગટાવ્યા છે. કલાધરનું આ મોંઘેરું કામ મકરંદભાઈ કહે છે તેમ વધાવવા તથા બીરદાવવા જેવું છે.

તારા આનંદના દીવાથી
ચેતવે તું કોઈના આનંદનો દીવો,
ઓરે ઓ બંધવા !
ઝાઝી ખમાયું તને
ઝાઝી વધાયું તને
જીવો ! ભાઈ જીવો !

અનેક પ્રસંગો ઉપરાંત લીંબડી રાજ્યકવિ શંકરદાનજી દેથાના સાહિત્ય તેમજ સર્જનો અંગે સાયલામાં યોજવામાં આવેલા એક કાર્યક્રમમાં બાબુભાઈને મળવાનું તેમજ તેમજ તેમની વાતો માણવાનું સ્મૃતિમાં આવે છે. ભૂપેન્દ્રભાઈ દવે (સુરેન્દ્રનગર)ના આગ્રહથી બાબુભાઈએ હાજર રહીને સમગ્ર કાર્યક્રમની ગરીમા વધારી હતી. ઉપરાંત ગાંધીનગર પણ કેટલાક કાર્યક્રમોમાં તેમને મળવાની તેમજ માણવાની તક મળી હતી. જગતથી જુદા એવા આ નિજાનંદી માનવ હતા. મળવું ગમે તેવું વ્યક્તિત્વ ધરાવતા હતા.

લોકસાહિત્ય એ સમૂહ જીવનની સંપત્તિ છે. કળા તથા સંસ્કૃતિની એક બલિષ્ઠ રેખા આવા લોકકલાકારો ખૂબીથી દોરી બતાવે છે. લોકવાર્તાના કથન, માણભટ્ટોની પુરાણની વાતો, ખારવણ બહેનોના વ્યથાગીતો, બારબીજના ધણીની શાક્ષીએ મધરા મધરા રેલાતા ભજનો એ આ સાહિત્યના કેટલાક ચિરંજીવી સ્વરૂપો છે. લોકના આ સમુહ જીવનમાં ટોળાશાહીની ગતાનુગતિક્તા નથી પરંતુ સંવાદિતા તથા સુવ્યવસ્થાના સૂરો પ્રગટે છે. સ્નેહની પાતાળ સરવાણી ફૂટે છે. ભાવકોની અનુભૂતિ એ તેનું ગંતવ્ય છે. લોક સાહિત્ય લોક થકી પ્રગટ થયું છે અને તેથી તેનું રક્ષણ તેમજ સંવર્ધન લોક સમૂહેજ કર્યું છે. આ સાહિત્યના બાબુભાઈ રાણપુરા જેવા સમર્થ વાહકો આથીજ અનોખી લોકપ્રિયતાને વર્યા છે. રામકૃષ્ણ દેવ જેમ પારાવાર શારીરિક પીડા વચ્ચે પણ અધ્યાત્મનો ઉજવળ પ્રકાશ પાથરીને ગયા તેવીજ રીતે અસાધ્ય શારીરિક રોગને પડકારીને બાબુભાઈ લોકસાહિત્યનો કેકારવ રેલાવતા ગયા. જીવનના અંતિમ શ્વાસ લગી આ સાહિત્યના યાત્રિકે અલખની નિરંતર આરાધના કરી તેમજ સામાન્ય જનમાં સંસ્કારના બીજ રોપવાના નિઃસ્વાર્થ પ્રયાસો કર્યા.

ડૉ. દલપત પઢિયાર લખે છે તેમ પોતે કલાકાર છે એવું સ્થાપિત કરવા બાબુભાઈ લોકસાહિત્ય પાસે ગયા ન હતા, પરંતુ લોકસાહિત્યના બળ, તેજ તથા સૌંદર્યને પ્રકાશિત કરવા તેઓએ લોકસાહિત્યની અખંડ આરાધના કરી હતી. પેરીસના આંતરરાષ્ટ્રીય મંચ પર ગાવાનું હોય કે લાલજી મહારાજની જગ્યામાં મહારાજની પ્રસન્નતા મેળવવા ગવાતું હોય- બન્ને જગ્યાએ હૈયાનો ઉમળકો તથા પ્રસ્તુતિની તાકાત એકજ સરખી જોવા મળે તે રાણપુરાની ખૂબી હતી. જેવી પ્રીતિ પોતાના પ્રદેશના સાહિત્ય તરફ હતી તેવુંજ હેત પોતાના મલકના માનવીઓ તરફ બાબુભાઈને હતું. આ નાતો છેલ્લા શ્વાસ લગી તેમણે જાળવી જાણ્યો. આ માયાળુ માનવી આપણી સ્મૃતિમાંથી ખસે તેવો નથી. સુરેન્દ્રનગર બાબુભાઈની સુમધુર સ્મૃતિઓથી મહેકતું રહેલું છે અને સદાકાળ મહેકતું રહેશે તે નિશ્ચિત છે.

લોક સાહિત્યને પાંખો આપવાનું કામ આપણાં કલાધરોએ કર્યું છે. બાબુભાઈનું નામ તેમાં અગ્રસ્થાને છે. રાજકોટ રેડિયો સ્ટેશન પરથી ઝવેરચંદ મેઘાણી સંપાદીત અનેક લોકગીતોને હેમુ ગઢવીએ પોતાના ઘૂંટાયેલા સ્વરે વહેતા મૂક્યા. આ બાબતનું ચમત્કારીક પરીણામ પણ આવ્યું. રાજકોટ રેડિયો સ્ટેશન તેમજ હેમુ ગઢવીના સુયોગથી અનેક લોકરચનાઓ જનસમુહના હૈયે તથા હોઠે ચડી અને સ્થાયી થઈ. હેમુભાઈ પછી લાખાભાઈ ગઢવી અને પ્રાણલાલ વ્યાસે અનેક નગરો – કસ્બાઓમાં કાર્યક્રમોની રસલ્હાણના માધ્યમથી લોકોને રુચિ પડે તેવું સાહિત્ય તેમના સુધી પહોંચાડ્યું. બાબુભાઈ રાણપુરા પણ આજ ઉજળી પરંપરાના એક મજબૂત મણકા સમાન હતા. રાણપુરાએ તો મહાત્મા ઈસરદાસજી રચીત હરિરસ ગ્રંથ પણ લોક સમુહ સુધી પહોંચે તેના અવિરત પ્રયાસો કર્યા. જીવનભર વિશાળ લોક સમુહમાં સંસ્કારના બીજ રોપવાનું બાબુભાઈનું કામ કદી વિસ્મૃત થાય તેવું નથી. તેમને જીવતાં પણ ઝાલાવાડે સાચવ્યા છે તેમજ વધાવ્યા છે. તેમની ચિરવિદાય પછી પણ ઝાલાવાડ ઉપરાંત સૌરાષ્ટ્ર તેમજ કચ્છના અનેક લોકોએ બાબુભાઈ રાણપુરાની ઉજળી છબી હૈયામાં આદર સાથે સાચવી છે.

# વ્યક્તિ તો નાશ પામે છે - મરી જાય છે, પરંતુ સમાજ કાયમ રહે છે



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

કોઈ પણ સમાજ પોતાની નજર સામે જે ધ્યેય રાખે છે, તે તેની પ્રતિનિધિરૂપ વ્યક્તિઓ પોતાના વૈયક્તિક વિકાસ અને સિદ્ધિ અર્થે જે ધ્યેય પોતાની નજર સામે રાખતી હોય છે, તેને અવશ્ય અનુસરતું હોય છે. વ્યક્તિના ધ્યેય ઉપર તેના ઉદ્‌ગમ તથા અંત બાબત જે ખ્યાલ સ્વીકારવામાં આવતું હોય છે, તેની પ્રબળ અસર પડતી હોય છે. ગાંધીજી વ્યક્તિનો ઉદ્‌ગમ આધ્યાત્મિક માને છે. તેથી કરીને તેના અંતિમ પ્રયોજનને પણ તે આધ્યાત્મિક માને છે; ભૌતિક હરગિજ નહીં. તેને જે લક્ષ્ય પાર પાડવું હોય તે પછી તેણે પોતે જ પોતાના સાધ્યરૂપ બની રહેવું જોઈએ. તેની બહારના બીજા કઈ સાધ્યના સાધન તરીકે તેનો ઉપયોગ ન કરી શકાય. તે વ્યક્તિએ પણ પછી બીજી વ્યક્તિઓને કે સમાજને પોતાને એ રીતનો ઉપયોગ ન કરવા દેવો જોઈએ. તેણે પોતાનું આધ્યાત્મિક ધ્યેય અલબત્ત સમાજમાં રહીને જ સિદ્ધ કરવું જોઈએ; પરંતુ જે તેનું સર્વોત્તમ કલ્યાણ અમુક સમાજ વ્યવસ્થા હેઠળ સિદ્ધ ન થઈ શકતું હોય, તે તેની સામે બળવો કરી પોતાને માટે નો માર્ગ રચી કાઢવાને તેને હક છે; અરે, તેનું કર્તવ્ય છે. પરંતુ આ બળવો પણ માત્ર વૈયક્તિક હેતુસર નહીં, પરંતુ સામાજિક હેતુસર પણ હવે જોઈએ. આવી સ્પષ્ટતા ગાંધીમાં સ્પષ્ટ હતી.

આ સંદર્ભે આચાર્ય જીવતરામ કૃપાલાણી વધુ સમજાવે છે : જડવાદીઓ વ્યક્તિનું પોતાનું કશું સ્વતંત્ર પ્રયોજન સ્વીકારતા નથી. વસ્તુતઃ એ તેમને મતે વ્યક્તિનું આજે જે અસ્તિત્વ દેખાય છે, તે તાત્કાલિક અસ્તિત્વથી પર બીજું કાંઈ અસ્તિત્વ જ નથી. શરીરના નાશની સાથે તેનો પણ નાશ અને ઉચ્છેદ થાય છે. તેને પછી આગળના જીવન સાથે કશો સંબંધ કે સળંગસૂત્રતા નથી, વૈયક્તિક અમરતા જેવી કોઈ વસ્તુ જ નથી. સમાજ એ સતત ચાલનારી વસ્તુ છે, અને એ રીતે તેમને તે તેને એક પ્રકારની અમરતા છે. આ અમરતા અનંત અને શાશ્વત પ્રગતિમાં રહેલી છે. આ પ્રગતિ એટલે પ્રકૃતિ ઉપર હરહમેશ વધતો જતો કાબૂ અને તેને પરિણામે નીપજતી સંસ્કારિતા અને સુધારા (જોકે આજના સમાજમાં એ વસ્તુઓ બહુ સ્પષ્ટ દેખાઈ આવતી નથી).

> **ગાંધીજીને મતે તે વ્યક્તિએ પોતાની પરિપૂર્ણતા આધ્યાત્મિક લયવાળા સમાજમાં રહીને સાધવાની છે**

વ્યક્તિ તો નાશ પામે છે - મરી જાય છે, પરંતુ સમાજ સતત કાયમ રહે છે, તથા પ્રગતિમાન રહીને હંમેશાં ઊંચી ઊંચી કક્ષાએ પહોંચ્યા કરે છે. એ પ્રગતિને અંત થી કે ન હોઈ શકે. વ્યક્તિઓએ તેથી કરીને ખસૂસ એ સમાજની સિદ્ધિઓમાં સાધનરૂપ બનવું જોઈએ. તેઓ પોતાના સ્વતંત્ર અસ્તિત્વનો દાવો ન કરી શકે. જેમ જેમ સમાજ આગળ વધે છે, તેમ તેમ ભવિષ્યની વ્યક્તિઓ આજ કરતાં વધુ સમૃદ્ધ, વધુ પરિપૂર્ણ અને વધુ ઉચ્ચ જીવન જીવશે. પરંતુ વ્યક્તિ માટે અહીં આ જીવનમાં અંતિમ સિદ્ધિ જેવી, કે મૃત્યુ બાદ અમરતા જેવી કઈ વસ્તુ નથી. સમાજને આગળ ધકેલવામાં તે મદદ કરે એટલે તેનું કામ પૂરું થયું કહેવાય. અલબત સમાજ માટે પણ અંતિમ સિદ્ધિ જેવી કઈ વસ્તુ નથી. તેનું લક્ષ્યબિંદુ હંમેશાં આગળ ને આગળ જ ખસતું જાય છે! જોકે, કોઈ પણ માણસ પોતાની સર્વ આશાઓ અને ભય, કસોટીઓ અને વેદનાઓ, તથા સુખ અને દુઃખ સાથે એ જાતનું ધ્યેય, કે જે પિતાની બહાર રહેલું છે, જેને માટે તેને શ્રમ કરવો પડે છે તથા દુઃખ સહન કરવો પડે છે, અને છતાં જેના વિજયને પોતે વ્યક્તિ તરીકે કદી સાક્ષી બની શકવાને નથી કે તેને આનંદ માણી શકવાનો નથી - એવા ધ્યેયથી કદી સંતોષ પામી શકે કે કેમ, એ પ્રશ્ન આપણા આ અભ્યાસની મર્યાદા બહારનો હાઈ તેને આપણે આટલેથી પડતો મૂકીને આગળ ચાલીએ એમ તેઓ કહે છે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીજીને મતે તે વ્યક્તિએ પોતાની પરિપૂર્ણતા આધ્યાત્મિક લયવાળા સમાજમાં રહીને સાધવાની છે. સમાજ એવા સિદ્ધાંત ઉપર રચાયો હોવો જોઈએ કે જે સિદ્ધાંતો વ્યક્તિને તેના અંતિમ આધ્યાત્મિક ધ્યેય તરફ લઈ જાય. એ સિદ્ધાંત ટુંકમાં જણાવીએ તે પ્રેમ, અહિંસા, સત્ય અને ન્યાય છે. આ સિદ્ધાંત ઉપર રચાયેલી સમાજવ્યવસ્થામાં આર્થિક, સામાજિક, રાજકીય, અથવા ધાર્મિક શોષણને પણ સ્થાન હોઈ શકે નહીં. આર્થિક ક્ષેત્રમાં જ બીજાનું શોષણ સંભવે છે, એવું કાંઈ નથી. સત્તા અનેક ક્ષેત્રોમાંથી પ્રાપ્ત કરી શકાય. અને તે પછી તેની મારફત કમનસીબ કે નિર્બળ લોકોનું શોષણ અનેક રીતે થઈ શકે છે એ ગાંધી બહુ સ્પષ્ટ સમજ્યા હતા. શોષણ વિહીન સમાજ રચનામાં વિશ્વાસ ધરાવતા મહાત્મા ગાંધીના કેળવણીના પાયાથી જ સમાનતા જડવાના પ્રયાસોની વાત હવે હતી.

મૂડીવાદી અર્થ વ્યવસ્થા ધરાવતા યુરોપિયન દેશો અને સામ્યવાદી અસર તળે આવી ગયેલા રશિયાને નજર સમક્ષ લેતાં ગાંધી શોષણ વિહીન સમાજરચનામાં એકને કાઢીને બીજાને શોષણનો હવાલો આપણે સોંપી ના દઈએ એ કેળવાયેલો વિચાર ઘૂંટાયેલો સમજવા મળે છે.